[13-G] No. of printed pages : 04

SARDAR PATEL UNIVERSITY
B. Com. (III Semester) Examination
2012
Wednesday, 5th December
10.30 a.m. to 12.30 p.m.
UB03CCOM02 : Fundamentals of Cost Accounting

કુલ ગુણ : ૬૦

પ્ર.૧ 'પડતર હિસાબી'ની વ્યાખ્યા આપો અને નાણાંકીય હિસાબો અને પડતરના હિસાબો વચ્ચેનો તફાવત આપો. (૧૫)

અથવા

પ્ર.૧

અ) પડતર હિસાબી પદ્ધતિના ફાયદા અને મર્યાદાઓની ચર્ચા કરો. (૦૭)

બ) નીચેના ઉદ્યોગોમાં કઇ પડતર પદ્ધતિનો ઉપયોગ થાય છે તે જણાવો. (૦૪)

૧) સીમેન્ટ ઉદ્યોગ	૨) પ્રિન્ટીંગ પ્રેસ
૩) સાયકલના સ્પેરપાર્ટ્સ ઉદ્યોગ	૪) રસાયણ ઉદ્યોગ
૫) હોસ્પીટલ ઉદ્યોગ	૬) ઑટોમોબાઇલ ઉદ્યોગ
૭) રંગ ઉદ્યોગ	૮) લોખંડ અને પોલાદ

ક) નીચેના ઉદ્યોગોમાં ક્યો ''પડતરનો એકમ'' ગણાય છે તે દર્શાવો. (૦૪)

૧) પેપર મીલ	૨) ઇંટ બનાવવાનો ઉદ્યોગ
૩) રસાયણ ઉદ્યોગ	૪) કાપડ ઉદ્યોગ
૫) ખાણ ઉદ્યોગ	૬) વીજળી
૭) હોટેલ	૮) રેલ્વે

પ્ર.૨

અ) માલ સામગ્રી અંકુશનું મહત્વ સમજાવો અને તેના ફાયદાઓની ચર્ચા કરો. (૦૬)

બ) નીચેની વિગતો પરથી આર્થિક વરદી જથ્થો શોધો અને વરદીની સંખ્યા નક્કી કરો. (૦૪)

દ્વિમાસિક વપરાશ	૬૦૦ એકમો
વરદી મુકવાનો ખર્ચ	રૂા. ૧૦૦૦
વહન ખર્ચ	૫%
એકમદીઠ વેચાણ કિંમત	રૂા. ૪૦૦

ક) નીચેની વિગતો પરથી માલસામગ્રી સ્ટોકની વિવિધ સપાટીઓ શોધો. (૦૫)

વરદી જથ્થો	૩૬૦૦ એકમો
પુનઃ વરદી સમય	૩ થી ૫ અઠવાડિયા
મહત્તમ વપરાશ	૯૦૦ એકમો અઠવાડિયા દીઠ
લઘુત્તમ વપરાશ	૩૦૦ એકમો અઠવાડીયા દીઠ
સામાન્ય વપરાશ (સરેરાશ)	૬૦૦ એકમો અઠવાડીયા દીઠ

અથવા

પ્ર.૨

અ) 'સમય વેતન' અને 'કાર્ય વેતન પ્રથા' વચ્ચેનો તફાવત સમજાવો. (૦૫)

બ) 'પ્રોત્સાહક વેતન પ્રથા' પર ટૂંકનોંધ લખો. (૦૫)

ક) એક કામદારને તેનું નિર્ધારીત કાર્ય પુરું કરવામાં સમય વેતન મુજબ નવ કલાક લાગે છે. (૦૫)
કાર્ય વેતન પ્રથા મુજબ તે આ કાર્ય છ કલાકમાં પૂર્ણ કરે છે. તેનો કલાક દીઠ મજૂરી દર, સમય દર મુજબ કલાક દીઠ ૭૫ પૈસા છે.

વસ્તુનો માલસામાન ખર્ચ એકમ દીઠ રૂા. ૧૨ છે. કારખાના પરોક્ષની વસુલાત કુલ મજૂરીના ૧૫૦% લેખે થાય છે.

વસ્તુની કારખાના પડતરની ગણતરી નીચેની દરેક રીત મુજબ ગણો.

૧) કાર્ય વેતન પ્રથા ૨) હેલ્સી વેતન પ્રથા ૩) રોવેન વેતન પ્રથા

પ્ર.૩ A કંપની લિમીટેડ ત્રણ ઉત્પાદન વિભાગો A, B અને C તથા બે સેવા વિભાગો X અને Y ધરાવે છે. નીચેના ખર્ચાઓને યોગ્ય આધાર મુજબ તેના વિભાગોમાં ફાળવણી કરો. (૧૫)

	ઉત્પાદન વિભાગો			સેવા વિભાગો	
વિગત	A	B	C	D	E
પ્રત્યક્ષ મજૂરી (રૂા.)	૭૦૦૦	૬૦૦૦	૫૦૦૦	૧૦૦૦	૧૦૦૦
પ્રત્યક્ષ માલસામગ્રી ખર્ચ (રૂા.)	૩૦૦૦	૨૫૦૦	૨૦૦૦	૧૫૦૦	૧૦૦૦
કામદારોની સંખ્યા	૨૦	૧૫	૧૫	૫	૫
વીજળી (કિલો વૉટ)	૮૦૦	૬૦૦	૬૦૦	૨૦૦	૩૦૦
લાઇટ પોઇન્ટ (સંખ્યા)	૧૦	૧૫	૧૫	૫	૫
યંત્રની પડતર (રૂા.)	૫૦૦૦૦	૩૦૦૦૦	૨૦૦૦૦	૧૦૦૦૦	૧૦૦૦૦
રોકેલ જગ્યા (ચોરસ મીટર)	૮૦	૬૦	૬૦	૨૦	૨૦

માસિક ખર્ચા :	**રૂા.**
પાવર	૧૫૦૦૦
પરોક્ષ સ્ટોર્સ ખર્ચા	૪૦૦૦
વીજળી	૨૦૦૦
કામદાર કલ્યાણ ખર્ચા	૩૦૦૦
ઘસારો	૯૦૦૦
સામાન્ય પરોક્ષ ખર્ચા	૧૫૦૦
મરામત અને સમારકામ	૧૮૦૦
ભાડુ અને વેરા	૬૦૦૦

અથવા

પ્ર.૩ નીચેની વિગતો માર્ચ, ૨૦૧૨ના સમયની એક યંત્રને લગતી છે; તેના પરથી યાંત્રીક કલાક દર શોધો. (૧૫)

		રૂા.
૧)	યંત્રની પડતર કિંમત	૩૬૦૦૦૦
૨)	ઉપયોગી આયુષ્યના અંતે તેની ભંગાર	૭૦૦૦૦

	કિંમત	
૩)	અંદાજીત વાર્ષિક મરામત અને સમારકામ	૧૨૫૪૦
૪)	કારખાનાનું માસિક ભાડુ	૭૨૫૦
૫)	કામદારનો માસિક પગાર	૧૦૫૦
૬)	યંત્ર ચલાવવાનો માસિક રસાયણ ખર્ચ	૧૯૦૦
૭)	માસિક પરોક્ષ ખર્ચા	૩૫૦૦
૮)	વાર્ષિક વિમા પ્રિમીયમ દર ૧% લેખે	

અન્ય માહિતી :

અ) યંત્રનું અંદાજીત આયુષ્ય : ૨૦૦૦૦૦ કલાક
બ) માસિક કલાક : ૨૦૦૦ કલાક
ક) યંત્રનો ગોઠવણી સમય : ૧૦૦ કલાક
ડ) કલાક દીઠ પાવર વપરાશ દર પાંચ યુનીટ છે અને યુનીટ દીઠ દર રૂા. ૧.૫૦ લેખે છે.
ઈ) આ યંત્ર પર ચાર કામદારો કાર્ય કરે છે, જે બીજા બે યંત્રોની પણ દેખરેખ રાખે છે.
ફ) આ યંત્ર કારખાનાની ૧/૫ ભાગની જગ્યા રોકે છે.

પ્ર.૪ એક ઉત્પાદક કંપનીના ૩૧ માર્ચ ૨૦૧૨ના રોજ પૂરા થતા વર્ષની ૫૦૦૦ એકમોના ઉત્પાદનની (૧૫)
વિગતો નીચે મુજબ છે.

વિગત	રકમ રૂા.
માલસામગ્રી વપરાશ	૧૮૦૦૦૦
પ્રત્યક્ષ મજૂરી	૧૨૦૦૦૦
કારખાનાનો વીજળી ખર્ચ	૧૧૦૦૦
કામદાર કલ્યાણ ખર્ચા	૧૦૦૦૦
પાવર અને બળતણ	૨૪૦૦૦
ઑફીસ પગાર	૨૦૦૦૦
વેચાણ ખર્ચા	૩૫૦૦૦
કારખાનાની પરોક્ષ મજૂરી	૩૦૦૦૦
પ્લાન્ટની મરામત અને ઘસારો	૧૦૦૦૦

બધા જ ઉત્પાદીત એકમોનું વેચાણ એકમદીઠ રૂા. ૧૦૦ લેખે થયેલ છે.

આગામી વર્ષના અંદાજો :

૧) એકમદીઠ વેચાણ કિંમત રૂા. ૯૮ હશે.
૨) પ્રત્યક્ષ માલસામગ્રી અને મજૂરી ખર્ચમાં ૧૦% વધારો થશે.
૩) આગામી વર્ષનું ઉત્પાદન અને વેચાણ ૧૦૦૦૦ એકમો થશે.

તૈયાર કરો :

૧) તા. ૩૧ માર્ચ ૨૦૧૨ના રોજ પુરા થતા વર્ષનું પડતર પત્રક તૈયાર કરો.
૨) આગામી વર્ષ ૩૧ માર્ચ, ૨૦૧૩ના રોજ પૂરા થતા વર્ષનું અંદાજીત પડતર પત્રક ૧૦૦૦૦ એકમોના ઉત્પાદન અને વેચાણ માટે તૈયાર કરો, જે નીચેના અંદાજો પર આધારિત હશે.

કારખાના પરોક્ષ ખર્ચાની વસુલાત પ્રત્યક્ષ મજૂરી દરની ટકાવારી મુજબ હશે. વહીવટી અને વેચાણ પરોક્ષ ખર્ચાની વસુલાતની ટકાવારી કારખાના પડતરની ટકાવારી મુજબ થશે.

અથવા

પ્ર.૪ મહારાજા કંપની લિમીટેડના તા. ૩૧ માર્ચ ૨૦૧૨ના રોજ પૂરા થતા વર્ષનું વેપાર અને નફા નુકસાન ખાતુ નીચે મુજબ છે. (૧૫)

ઉધાર **જમા**

	રૂા.		રૂા.
માલસામાનનો વપરાશ	૩૦૦૦૦૦	વેચાણ (૧૮૦૦૦ એકમો)	૬૩૦૦૦૦
પ્રત્યક્ષ મજૂરી	૧૫૦૦૦૦	તૈયાર માલનો સ્ટોક (૨૦૦૦ એકમો)	૫૦૦૦૦
કારખાનાના ખર્ચા	૭૫૦૦૦	મળેલ ડિવિડન્ડ	૯૦૦૦
વહીવટી ખર્ચા	૩૦૦૦૦	મળેલ વ્યાજ	૧૦૦૦૦
વેચાણ અને વિતરણ ખર્ચા	૪૫૦૦૦		
માંડી વાળેલ પ્રાથમિક ખર્ચા	૧૦૦૦૦		
આવકવેરો	૨૦૦૦૦		
ચોખ્ખો નફો	૬૯૦૦૦		
	૬૯૯૦૦૦		**૬૯૯૦૦૦**

કંપની એક પ્રમાણીત વસ્તુનું ઉત્પાદન કરે છે.

પડતરના હિસાબોમાં નીચેનો સમાવેશ થાય છે :

૧) કારખાના પરોક્ષ ખર્ચાની ફાળવણી પ્રાથમિક પડતરના ૨૦% લેખે ઉત્પાદન ખાતે લઇ જવાય છે.

૨) ઉત્પાદિત એકમોના ઉત્પાદનના આધારે એકમદીઠ રૂા. ૨ લેખે વહીવટી ખર્ચાની ફાળવણી કરવામાં આવે છે.

૩) વેચાણ અને વિતરણ ખર્ચ એકમદીઠ રૂા. ૩ લેખે વેચેલ એકમો દીઠ ફાળવવામાં આવે છે.

તમારે પડતર પત્રક તૈયાર કરવાનું છે અને નાણાંકીય હિસાબો મુજબ નફો દર્શાવતું મેળવણી પત્રક તૈયાર કરવાનું છે.

☺☺☺☺☺☺☺